# શૈક્ષણિક રેન્કિંગમાં IIT મદ્રાસ, IIM અમદાવાદ ટોચના ક્રમે

## કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા દેશની સંસ્થાઓનું રેન્કિંગ બહાર પડાયું : IIT મદ્રાસનો ઓવરઓલ કેટેગરીમાં સતત પાંચમા વર્ષે પ્રથમ રેન્ક, બેંગ્લુરુ IISC બીજા સ્થાને, યુનિવર્સિટી કેટેગરીમાં IISC બેંગ્લુરુ પ્રથમ ક્રમાંકે રહી

નવી દિલ્હી, તા.૫

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા દર વર્ષની જેમ ૨૦૨૩ માટે પણ દેશભરની સંસ્થાઓનું રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રાલય દ્વારા આજે એટલે કે ૫ જૂન, ૨૦૨૩ ના રોજ બહાર પાડવામાં આવેલ એનઆઈઆરએફ રેન્કિંગ ૨૦૨૩ અનુસાર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) મદ્રાસ દેશની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાન બની છે. આઈઆઈટીમદ્રાસે ઓવરઓલ કેટેગરીમાં પ્રથમ રેક્ર મેળવ્યો છે, જે તેણે સતત પાંચમા વર્ષે જાળવી રાખ્યો હતો. ત્યારબાદ બેંગ્લુરુમાં આવેલી ભારતીય વિજ્ઞાન સંસ્થા (આઈઆઈએસસી) બીજા સ્થાને છે. બીજી તરફ, યુનિવર્સિટી કેટેગરીમાં આઆઈએસસી બેંગ્લુરુ પ્રથમ ક્રમે રહી છે.

આઈઆઈટી મદ્રાસે ફરી એકવાર શિક્ષણ મંત્રાલયના એનઆઈઆરએફ રેન્કિંગ ૨૦૨૩ની એન્જિનિયરિંગ શ્રેણીમાં પ્રથમ રેન્ક મેળવ્યો છે. આઈઆઈટીમદ્રાસનો ક્રમ સતત આઠમા વર્ષે જળવાઈ રહ્યો છે. તેના પછી આઈઆઈટીદિલ્હી બીજા સ્થાને અને આઈઆઈટીબોમ્બે ત્રીજા સ્થાને રહી છે. તેવી જ રીતે ભારતની ટોચની કોલેજોની વાત કરીએ તો દિલ્હી યુનિવર્સિટીનું મિરાન્ડા




હાઉસ આ કેટેગરીમાં દેશમાં સર્વશ્રેષ્ઠ કોલેજ છે. તેના પછી હંૈની હિન્દુ કોલેજ બીજા સ્થાને છે, જ્યારે બેંગ્લુરુની પ્રેસિડેન્સી કોલેજ ત્રીજા સ્થાને રહી છે. સોમવારે જાહેર કરાયેલ એનઆઈઆરએફ રેન્કિંગ ૨૦૨૩ અનુસાર ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગ્લુરુએ સંશોધન માટે શ્રેષ્ઠ સંસ્થાઓની કેટેગરીમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જો કે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) કાનપુર ઈનોવેશન કેટેગરીમાં દેશમાં પ્રથમ ક્રમે રહી છે.

દેશની ટોચની મેનેજમેન્ટ કોલેજોની વાત કરીએ તો, એનઆઈઆરએફ રેન્કિંગ ૨૦૨૩ અનુસાર, ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમ અમદાવાદ) પ્રથમ સ્થાને છે. તે પછી બીજા સ્થાને આઈઆઈએમબેંગ્લુરુ જ્યારે ત્રીજા સ્થાને આઈઆઈએમ કોઝિકોડ છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (એનઆઈપીઈઆર), હૈદરાબાદ એ એનઆઈઆરએફ રેક્રિંગ ૨૦૨૩ની ફાર્મસી કેટેગરીમાં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેના પછી દિલ્હી સ્થિત જામિયા હમદર્દ બીજા સ્થાને અને ૈંજી પિલાની ત્રીજા સ્થાને રહી છે.

# અવધેશ રાય હત્યા કેસમાં મુખ્તાર અંસારીને આજીવન કેદની સજા

## વારાણસીની એમપી-એમએલએ કોર્ટે ચુકાદો સંભળાવ્યો : ૧૯૯૧માં વારાણસીમાં કોંગ્રેસ નેતા અવધેશ રાયની હત્યા થઈ હતી

વારાણસી, તા.૫

વારાણસીની એમપી-એમએલએ કોર્ટે મુખ્તાર અંસારીને આજીવન કેદની સજા



સંભળાવી છે. સોમવારે સાંસદ-ધારાસભ્ય કોર્ટે વારાણસીના ૩૨ વર્ષ જૂના કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. વારાણસી કોર્ટે સોમવારે અવધેશ રાય હત્યા કેસમાં આ ચુકાદો આપ્યો હતો, જેની સાથે કોર્ટે એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

અવધેશ રાય હત્યા કેસમાં વારાણસીના એમપી એમએલએકોર્ટે સોમવારે તેમને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે બપોર બાદ આ કેસમાં સજાની જાહેરાત કરી હતી. હત્યા કેસમાં દોષિત મુખ્તાર અંસારીને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે પૂર્વ ધારાસભ્યને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. મુખ્તાર અંસારીને આઈપીસી ૩૦૨, ૩૨ વર્ષ જૂના કેસ હેઠળ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

આ મામલો ૩૨ વર્ષ જૂનો છે. અવધેશ રાય હત્યા કેસની સુનાવણી વારાણસીના એમપીએમએલએકોર્ટમાં ચાલી રહી હતી. આ કેસમાં મુખ્તાર અંસારી સહિત પાંચ લોકો આરોપી છે.

હકીકતમાં, અવધેશ રાજ કોંગ્રેસના નેતા અજય રાયના ભાઈ છે. કોર્ટનો નિર્ણય આવતા પહેલા અજય રાયે કહ્યું કે, તેમની ૩૨ વર્ષની રાહ આજે પૂરી થઈ રહી છે અને તેમને આશા છે કે તેમને ન્યાય મળશે.

૩ ઓગસ્ટ ૧૯૯૧ના રોજ વારાણસીના ચેતગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના લહુરાબીર વિસ્તારમાં કોંગ્રેસ નેતા અવધેશ રાયની હત્યા કરવામાં આવી હતી. ત્યારે અવધેશ રાજ પોતાના નાના ભાઈ અને હાલના કોંગ્રેસી નેતા અજય રાયના ઘરની બહાર ઉભા હતા.તે દિવસે સવારે હળવો વરસાદ પડ્યો હતો. તે જ સમયે એક મારુતિ વાન ત્યાં આવી અને વેનમાંથી ઘણા લોકો બહાર નીકળીને અવધેશ રાય પર ગોળીબાર કર્યો હતો.

# મહાભારતમાં શકુનીની ભૂમિકા નિભાવનારા ગુફી પેન્ટલનું નિધન



મુંબઈ, તા.૫

મહાભારત સિરિયલમાં શકુની મામાનો રોલ કરનાર એક્ટર ગૂફી પેન્ટલનું ૭૮ વર્ષની વયે નિધન થયુ છે. તેઓ છેલ્લા ઘણા દિવસોથી મુંબઈની અંધેરીની હોસ્પિટલમાં દાખલ હતા. તેમના નિધનના સમાચાર સુરેન્દ્ર પાલે આપ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે સાંજે ૪ વાગ્યે કરવામાં આવશે. આજે ફરી એકવાર ટેલિવિઝનની દુનિયામાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વરિષ્ઠ અભિનેતા ગૂફી પેન્ટલનું મુંબઈની એક હોસ્પિટલમાં નિધન થયું છે. ગૂફી પેન્ટલ છેલ્લા કેટલાક દિવસોથી હૃદય અને કિડનીની બિમારીને કારણે હોસ્પિટલમાં દાખલ હતા. ગૂફી પેન્ટલ ઘણા શોમાં નજર આવ્યા હતા. જો કે તેમને મુખ્યત્વે 'મહાભારત'માં શકુની મામાની ભૂમિકાથી ઓળખ મળી હતી. તેમના નિધનના સમાચારથી ટીવી જગત શોકમાં છે.ગૂફી પેન્ટલ છેલ્લા કેટલાક દિવસોથી હોસ્પિટલમાં દાખલ હતા અને તેમની હાલત નાજુક હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તે ૧૦ દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ હતા. તેમના નિધનના સમાચાર મળતા જ તેના પરિવારને મળવા તેના નજીકના સંબંધીઓ પહોંચી રહ્યા છે. બીઆર ચોપરાની પ્રખ્યાત ઐતિહાસિક સિરિયલ 'મહાભારત'ને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. આ સિરિયલના દરેક પાત્ર ચાહકોના દિલમાં ખૂબ જ મહત્વની જગ્યા બનાવી લીધી હતી.

# ઓડિશાના બારગઢમાં ચુનાનો પથ્થર ભરેલી માલગાડી પાટા ઉપરથી ઊતરી

## ઓડિશામાં વધુ એક ટ્રેન દુર્ઘટના : માલગાડીમાં ચુનાનો પથ્થર ભરાયો હતો અને તેના ૫ કોચ બારગઢ ખાતે પાટા પરથી ઉતરી ગયા : કોઈ નુકસાન નહીં



બારગઢ, તા.૫

ઓડિશામાં ફરી ટ્રેન પાટા પરથી ઉતરી હોવાના સમાચાર મળી રહ્યા છે. બારગઢમાં માલગાડી પાટા પરથી ઉતરી હોવાની માહિતી મળી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, માલગાડીમાં ચુનાનો પથ્થર ભરાયો હતો અને તેના ૫ કોચ બારગઢ ખાતે પાટા પરથી ઉતરી ગયા હતા. જો કે આ દુર્ઘટનામાં કોઈને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે, ઓડિશાના બાલાસોર જિલ્લામાં શુક્રવારે રાત્રે થયેલી ટ્રેન દુર્ઘટનામાં ૨૮૮થી વધુ લોકોના મોત થયા છે. દેશની સૌથી ભયાનક ટ્રેન દુર્ઘટનાઓમાંની એક આ દુર્ઘટનામાં ૧૧૦૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે.

મળતી માહિતી અનુસાર, ડુંગરી લાઈમસ્ટોન ખાણ અને છઝ્રઝ્ર બારગઢના સિમેન્ટ પ્લાન્ટ વચ્ચે ખાનગી નેરોગેજ રેલ લાઈન છે. અહીં લાઈન, વેગન, લોકો બધું જ ખાનગી છે. આ ટ્રેક કોઈપણ રીતે ભારતીય રેલ્વે સિસ્ટમ સાથે જોડાયેલ નથી. આજે વહેલી સવારે તે રેલ્વે લાઈન પરથી ડબા પાટા પરથી ઉતરી જવાની ઘટના બની છે.

# આદ્યશક્તિ ધામ અંબાજીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારવાના સંકલ્પ સાથે અંબાજીમાં ૧૦ હજાર રોપાઓના વાવેતર સાથેના વન કવચનું લોકાર્પણ કર્યુ



ગાંધીનગર,તા.૦૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં સહભાગી થતાં પર્યાવરણ પ્રિય લાઈફ સ્ટાઈલ અપનાવીને તથા વૃક્ષોના જતન-સંવર્ધનથી ગ્રીન કવર વધારવાનું પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી ગુજરાતને ગ્રીન ગ્રોથ-હરિત વિકાસની નવી ઊંચાઈએ લઈ જવું છે. તેમણે ક્લાયમેટ ચેંજ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ જતનની લડાઈ લડીને આપણી આવનારી પેઢીને સ્વસ્થ ભવિષ્ય આપવાનો સંકલ્પ કરવા પણ આ તકે આહવાન કર્યુ હતું. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણીના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ગ્રીન અંબાજી પ્રોજેક્ટ અન્વયે વન વિભાગે ગબ્બર પર્વત નજીક મીયાવાકી પદ્ધતિથી તૈયાર કરેલા ૧૦ હજાર રોપાઓના વન કવચનું લોકાર્પણ કર્યુ હતું. તેમણે વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો કરવા સમગ્ર રાજ્યમાં ૮૨ સ્થળોએ ૧૦૦ હેક્ટરમાં ૧૦ લાખ વૃક્ષોના આવા વન કવચી નેમ દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજી તથા તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં જ્યાં કુદરતી રીતે બીજ નથી પહોંચતા અને ધીરે-ધીરે વનસ્પતિનું આવરણ ઓછું થતું જાય છે તેવા ૧૦૦ થી ૨૦૦ હેક્ટર વિસ્તારોમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બોલ અને સીડ વાવેતરનો પ્રારંભ કરાવ્યો હતો.

**આદ્યશક્તિ અંબાજી માતાના દર્શન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ**



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજીમાં વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે જગતજનની મા અંબાજીના મંદિરે જઈને ભક્તિ ભાવપૂર્વક દર્શન-અર્ચન અને પૂજન કર્યા હતા.

# રાજ્યસભાની ત્રણ બેઠક માટે ઓગસ્ટમાં ચૂંટણી યોજાશે

## ભાજપ આ બેઠકો પર ચહેરા બદલાવી શકે છે, ૧૮ ઓગસ્ટે આ બેઠકોની ૬ વર્ષની ટર્મ પુરી થઇ રહી છે

નવી દિલ્હી, તા.૫

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં રાજ્ય સભાની ચૂંટણી યોજાવાની સંભાવાના છે. રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ત્રણેય બેઠકોની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજ્યસભાની ચૂંટણી યોજાશે. ભાજપ આ બેઠકો પર ચહેરા બદલાવી શકે છે.

રાજ્યસભાની ૧૮ ઓગસ્ટે આ બેઠકોની ૬ વર્ષની ટર્મ પુરી થઈ રહી છે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના રાજ્યસભાની ચૂંટણીને લઈને જે નોડેલ ઓફિસર, ચૂંટણી અધિકારીની નિમણૂક કરવા માટેનો અગાઉ પત્ર લખવામાં આવીને જાણ કરવાવામાં આવી હતી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં આ ચૂંટણી યોજાશે તેવી શક્યતાઓ છે.

વિદેશ મંત્રી એસ. જયશંકર, જુગલ ઠાકોર અને દિનેશ અનાવડીયાની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજ્યસભાની ચૂંટણી યોજાશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભાજપ આ વર્ષે ત્રણ બેઠકો પર પોતાના ચહેરાઓ બદલી શકે છે. કોંગ્રેસનું સંખ્યા બળ ઓછું હોવાના કારણે ૩ બેઠક ફરી ભાજપના ફાળે જાય તેવી શક્યતાઓ છે. ભાજપ ત્રણેય ચહેરા બદલી શકે છે.


વિદેશ મંત્રી એસ. જયશંકરને ફરી રાજ્યસભાથી ભાજપ લડાવશે. આ ઉપરાંત જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયા ડ્રોપ થઈ શકે છે.

# રામ મંદિરના દર્શન કરવા ૨૦૨૪માં આવી જજો : સી. આર. પાટીલ

## રામ મંદિરને લઈ સીઆર પાટીલના કોંગ્રેસ પર પ્રહાર : મંદિર વહી બનાયેંગે તારીખ નહીં બતાયેંગે તેવું કહેતા હતા એવા કોંગ્રેસીને પાટીલે ઉધડા લીધા છે

કચ્છ, તા.૫

કચ્છમાં ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન કરતા ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે, કોંગ્રેસને આડે હાથે લીધી હતી. મંદિર વહી બનાએંગે તારીખ નહીં બતાએંગે તેવુ ભૂતકાળમાં કોંગ્રેસના આગેવાનોએ કરેલા નિવેદનને પ્રત્યુતર આપતા, સી આર પાટીલે, નિવેદન કરનારાઓને કોંગ્રેસના લલ્લુ તરીકે ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસના લલ્લુઓને કહી દેજો મંદિર વહી બનાયેંગે.



૨૦૨૪માં રામ મંદિરના દર્શન કરવા આવી જજો કોંગ્રેસના લલ્લુઓ.

પાટીલે સ્ટેજ પર થી કહ્યું કોંગ્રેસીઓ ૨૦૨૪માં રામ મંદિરના દર્શન કરવા આવી જાય. સાથે જ કહ્યું કે કલમ ૩૭૦ હટાવવા મુદ્દે કોંગ્રેસના નેતાઅૈંસ મોદીને ધમકી આપી હતી. પરંતુ આ નરેન્દ્ર મોદી અને અમિત શાહ છે. કોઈની ધમકીથી ડરતા નથી. સાથે કોંગ્રેસને લલ્લુઓની પાર્ટી ગણાવી છે.

# ગુજરાતમાં વાવાઝોડાને પગલે એલર્ટ વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાશે

## અરબી સમુદ્રમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની રહ્યું છે : ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ આ ચક્રવાતી તોફાનની અસર જોવા મળશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતના અનેક જિલ્લાનું હવામાન બગડવા જઈ રહ્યું છે. રાજ્યમાં બાયપરજોય ચક્રવાતી વાવાઝોડું આવવાનું છે. જેના કારણે અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની રહ્યું છે. જેના કારણે આગામી બે દિવસમાં તે ચક્રવાતમાં ફેરવાઈ જશે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ આ ચક્રવાતી તોફાનની અસર જોવા મળશે.

હવામાન વિભાગે જણાવ્યું કે ૫ થી ૭ જૂન સુધી ચક્રવાત બાયપરજોયના કારણે ભારે વાવાઝોડા સાથે વરસાદ પડશે. પવનની ઝડપ ૫૦ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભારે પવનની જેમ વરસાદ પડી શકે છે. આ સાથે પાટણ, મોડાસા, મહેસાણા સહિત અન્ય વિસ્તારોમાં પણ વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ભારે વરસાદના એલર્ટને પગલે જીઙ્ઘઇહ્લની ટીમોને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. રાજ્ય પ્રશાસને માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપી છે. સ્થાનિક સ્તરે અધિકારીઓને પણ સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

બાયપરજોય ચક્રવાતના આગમન બાદ પણ ગુજરાતના ઘણા જિલ્લાઓમાં થોડા દિવસો સુધી વરસાદ ચાલુ રહેશે.

### પોક્સો કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાંવ્યુ હતુ કે આરોપીને સખતમાં સખત સજા થવી જોઈએ. સગીરાને વાલીપણાંમાંથી લઈ જઈ વારંવાર શારીરીક સંભોગ કર્યો હોવાથી સમાજમાં આવા ગુન્હાઓ રોજબરોજ બનતા હોય છે જયારે આ પ્રકારના ગુન્હાઓને અટકાવવા માટે સખત સજા કરવા પણ તેમમે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ. એડિશ્નલ સેસન્સ જજ એસ ડી મહેતાએ આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૧૪ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

### અસહ્ય બફારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉનાળે વિચિત્ર મોસમની અસરથી તોબા પોકારી ગયા છે. ગરમીનો પારો ઉપર ચઢી રહ્યો છે. જયારે બીજીતરફ ભેજનુ પ્રમાણ પણ વધુ રહેવાથી નગરજનોને ઉકળાટે બેચેન કરી દીધા છે. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. આજે દિવસ દરમિયાન વાતાવરણમાં પ્રવર્તેલો બફારો આમ નાગિરકો માટે ચર્ચા સ્થાને રહ્યો હતો. ગરમીથી ત્રસ્ત નગરજનોએ દિવસ દરમિયાન બહાર જવાનુ પણ ટાળ્યુ હતુ. જયારે રાત્રિના સમયે પણ ઉકળાટની અસર વર્તાતી હતી.

### સ્થાનિકોને નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવ્યો છે. ખ માર્ગ પર સળંગ પસાર થતી ફુટપાથમાં વચ્ચે ગાબડુ જોવા મળી રહ્યુ છે. આસપાસ સ્થિત દુકાનોના લીધે વચ્ચેના વિસ્તારમાંથી પસાર થવા માટે રસ્તો કરી દેવાયો છે. અલબત્ત વોક વે જ અદ્રશ્ય થઈ ગયો છે. સ્થાનિકોની આ હરકતના લીધે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી નજીકના કોર્મશિયલ કોમ્પલેક્ષના વેપારીઓને નોટીસ આપવામાં આવી છે. જયારે જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડવા બદલ તંત્રએ પોલીસને પણ જાણ કરી છે. શહેરમાં અન્ય ઘણાં ઠેકાણે પણ ફુટપાથ વચ્ચેથી રસ્તો કાઢવા માટે આ પ્રકારની હરકત થાય છે. જેના લીધે લાખોના ખર્ચે તૈયાર થયેલા વોક વે માં ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જયારે જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડવાના મામલે હવે પાટનગર યોજના વિભાગ પણ એકશન મોડમાં આવ્યુ છે. ખ માર્ગ પર તુટેલી ફુટપાથના મામલે પોલીસને પણ લેખિત જાણ કરી દેવામાં આવી છે.

### સફાઈ હાથ ધરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈ હાથ ધરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર વોક વે નીચે વી પોલમાં ગરમીના દિવસો દરમિયાન કચરો ભરાઈ ગયો હોય છે.

જયારે વરસાદી મોસમના પ્રારંભ પુર્વે આ લાઈનમાંથી કચરો ઉલેચવા અને પાણીનો સરળતાથી નિકાલ થાય તે મુજબ નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિતિ વોક વે પર વી પોલ ની સફાઈ કરવામાં આવી રહી છે. ચોમાસામાં ઘણીવાર વી પોલની સફાઈ ન થઈ હોય તો વોકવે પાસે પણ પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે તંત્રએ આગોતરુ આયોજન કરી સફાઈ કામ શરૂ કરી દીધુ છે.